**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# સુરેશ જોશીની વાર્તાઓની કલાત્મક સમીક્ષા

**ડૉ. હરીશ પારેખ**

ગુજરાતી વિભાગ સીવીએમ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**"સુરેશ જોશીની વાર્તાઓ વાચકને નિષ્ક્રિય રાખી બધું ધરી દેતી નથી, એ મૂંઝવે છે, અકળાવે છે, પ્રશ્નો જન્માવે છે."....૧**

સંપાદક નીતિન મહેતાએ સુરેશ જોશીનું વાર્તાકાર તરીકે મૂલ્યાંકન કરતાં ઉપરોકત વિધાનો કર્યા છે.સારચેજ! સુરેશ જોશીની નવલિકાઓ આ બે વિધાનોને સાચાં ઠેરવે છે.

ગુજરાતી ટૂંકીવાર્તાક્ષેત્રે પરંપરાગત વાર્તાના પ્રવાહ સામે નારાજગી વ્યકત કરી સુરેશ જોશીએ નવલિકાના કેટલાક પ્રયોગો કર્યા ,તેમાથી નવી વાર્તાનો જન્મ થયો તેમ સૌ વિવેચકો માને છે; સ્વીકારે છે. ટૂંકીવાર્તામાં સુરેશ જોશીનું આગમન એક અવી ક્ષિતિજ ઉઘાડી આપે છે; એટલું જ નહીં પણ સાહિત્યના બધા ક્ષેત્રોમાં તેમની આ સૂજ-સમજ ફરી વળે છે. સુમન શાહ આ વિશે સુરેશ જોશી વિશેના શોધનિબંધમાં નોંધે છે કેઃ

**"સુરેશ જોશીનું આવું સર્જન -વિવેચન પ્રધાનતઃ આધુનિકતાલક્ષી રહ્યું છે અને તેણે પોતાની પ્રચુર અને વ્યાવર્તક ક્ષમતાઓને કારણે ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં એક આગવું પ્રકરણ સરજ્યું છે."....૨**

સુરેશ જોશીનું આવું સર્જન શુદ્ધ સાહિત્ય કલાની ક્ષિતિજો આંબવાનો પ્રયત્નરૂપ છે; એ સહજ કહી શકાશે. કેમ કે તેમની આ વાતનો અણસાર તેમનાં 'કિંચિત' નામના પુસ્તકમાંથી મળી રહે છેઃ

**"કલાનું કામ મૂલ્યબોધનું વ્યાકરણ આપવાનું નથી. વિધિનિષેધભરી સ્મૃતિઓ રચવાનું નથી, ને છતાં આપણાં મૂલ્યોની રચનાને પહેલો ઘાટ કલા જ આપે છે- પ્રકટ રીતે નહીં, પ્રચ્છન રીતે."...૩**

- **સુરેશ જોશીની નવલિકાસૃષ્ટિ**

સુરેશ જોશીની નવલિકા ગુજરાતી નવલિકાના ઇતિહાસનો એક મહત્વનો વળાંક છે, એટલું જ નહિ, પણ શુદ્ધ સાહિત્યની નવતર ક્ષિતિજોનું પ્રાગટય પણ ત્યાંથી થયું છે. 'નવીવાર્તા' ને નામે ઓળખાતી થયેલી આપણી

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

આધુનિક ટૂંકીવાર્તાનું તે પ્રસ્થાનબિન્દુ છે. સુરેશ જોશી વાર્તા સર્જન કરતાં ચારેક વાર્તા સંગ્રહો આપ્યા છે. ‘ગૃહપ્રવેશ’ (૧૯૫૭), ‘બીજી થોડીક’ (૧૯૫૮), ‘અપિચ’ (૧૯૫૬), ન તંત્ર સૂર્યો ભાતિ (૧૯૬૭) વગેરેનો સમાવેશ થાય છે. તેમની વાર્તાઓમાંથી સંપાદન કરીને મહત્વની પચ્ચીસ વાર્તાઓ નીતીન નહેતાએ સંપાદિત પુસ્તકમાં મૂકી છે. જેનાં શીષકો જોતાં સુરેશ જોશીની નવલિકાસૃષ્ટિનો ઝાંખો ખ્યાલ આવશે. ‘જન્મોત્સવ’, ‘વૈશાખ સુદ અગિયારસ’, ‘પાંચમો દાવ’, ‘નળદમયંતી’, ‘વારતા કહોને’, ‘ગૃહપ્રવેશ’, ‘લોહનગર’, ‘થીગડું’, ‘એક મુલાકાત’, ‘રાક્ષસ’, ‘વરપ્રાપ્તિ’, ‘પ્રત્યાખ્યાન’, ‘વર્તુળ’, ‘વીરાંગના’, ‘વાર્તાની વાર્તા’, ‘આંધળી માછલીઓ’, ‘વલય’, ‘બે સૂરજમુખી અને’, ‘અને મરણ’, ‘પદ્મા તને’, ‘પંખી’, ‘એકદા નૈમિષારણ્યે’, ‘અગતિગમન’, ‘પ્રથમ મનોયત્ન’ વગેરેને જોઇ શકાય છે. શીર્ષકો કયાંક સાદાં અને અટપટાં છે. સરળ છે તો સંકુલ છે.

આ બધી વાર્તાઓનું નિરૂપણ સુરેશ જોશીએ પોતીકી રીતે કરી છે. તેનાં કેટલાક મુદ્દાઓ આપ્રમાણે છે.

- સુરેશ જોશી કલાને નિર્હેતુક પ્રવૃતિ માને છે.
- વાર્તા લખવાનું પ્રયોજન એમને મન ‘લીલા' માત્ર છે એ સ્વયંપર્યાપ્ત નિર્માણ છે અને જ કલામાત્રનું પ્રયોજન છે.
- કલાની સિદ્ધિ સિવાયનાં અન્ય સામાજિક પ્રયોજનોનું એમને મન કોઇ મૂલ્ય નથી.
- કલામાં સાધારણીકરણનો નહીં વિલિનીકરણનો મહિમા કરવો જોઇએ.
- કલામાં માત્ર અર્થસમર્પક (આકારનું) રૂપનું જ મહત્વ છે.

વ્યવહારિક, નૈતિક, ઐતિહાસિક કે સામાજિક ધોરણો કલાના મૂલ્યાંકમાં ઝાઝાં કારગત નીવડતાં નથી.આ બધાં તો કલાની સામગ્રી છે, એના પર સંવિધાનના સંસ્કાર પશવા જોઇએ. સામગ્રી કે જીવનને કલા માની લેવાની ભૂલ ન કરવી જોઈએ.સામગ્રી એ કલાની ઉત્કૃષ્ટતાનો સાચો માપદંડ નથી. આ વિભાવના એમની

નવલિકાસૃષ્ટિની મહત્વની કલાવિચારણા છે. તેથી જયારે સુરેશ જોશીની નવલિકા વિશે વાત કરીએ તો આ મુદ્દાઓને અચૂક ધ્યાનમાં લેવા પડે.

સુરેશ જોશીની નવલિકાઓ સામાન્ય ભાવક માટે અસમજણભરેલી સ્થિતિનો અનુભવ રચે છે. કારણકે પ્રયોગશીલતાની ધારે ધારે ઘડાતી સુરેશ જોશી વિકાસશીલ નવલિકા, પરંપરાગત શૈલીએ ટેવાયેલો વાચક અનુબંધ ન રચી શકે એમાં નવાઇ પામવા જેવું નથી. એની પછળ આ વાત છે કે તેમાં ઘટનાના સીધા સાદા તર્કને અનુસરતો અંત નથી. ઘટનાઓનો નિશ્ચત કમિક સપાત વહેતો સમય નથી. સીધું-સાદું પાત્રાલેખન નથી. ‘રહસ્ય’ વિનાના પરંપરાગત ખ્યાલો નથી. સ્થળ-વાતાવરણ નિરૂપણની જૂની સામગ્રી નથી.

સુરેશ જોશીની વાર્તા સૃષ્ટિ ઉપરોકત કોઇ પરંપરાગત પ્રવાહમાં ચાલતી નથી, તેથી ‘વાર્તારસ’, ‘બોધકથા’, ‘કથારસ’, ‘ઘટના રહસ્ય’ વગેરે સંજ્ઞાઓની આશા રાખી શકાય નહીં: કેમ કે અહીં કલાનું માધ્યમ જ મોટમાં મોટો ‘રસ’, ‘આનંદ’, ‘રહસ્ય’ છે. આથી જ સુરેશ જોશી કહે છે કે **“મારો વેષ્ણવ કે શૈવસંપ્રદાય નથી, હું કેવળ રસસંપ્રદાયનો જ છું.”**...૪ સુરેશ જોશીની ટૂંકીવાર્તાએ એ સમયના સર્જકોને રચનાની આકૃતિ વિશે સભાન કર્યા. અભિવ્યકિતનાં અનેક સાહસો કરવા માટેની દિશા ખોલી આપી. કલાઅનુબવની ભૂલ્મકાએથી માનવનિયતિ અને માનવ સંદર્ભ તથા યુગની સંવેદનાને જોવા તપાસવાનો દૃઢાગ્રહ રાખ્યો. સુરેશ જોશીની વાર્તાઓને એમણે આપેલી વિભાવનાના માપદંડ વડે જ તપાસવી અનિવાર્ત નથી. **“એમની વાર્તાઓ એક સભાન કલાકારની મથામણોનો આલેખ આપતાં ‘મનોયત્નો’ છે અને સાથે-સાથે એમની વાર્તાવિભાવનાએ એમની વાર્તાઓના મૂલ્યાંકન માટેનું બચાવનામું પણ નથી.”**...૫ એવું નીતિન મહેતાનું તારણ સાચે જ યોગ્ય છે.એમની વાર્તાઓનું આંતરજગત તપાસતાં એમની વિચારણા કયાંક કયાંક સહાયરૂપ થઇ શકે ખરી.

આધુનિક વાર્તા અને એમાં આધુનિક માનવસંદર્ભો, સમાજસંકેતો અને સંબંધોની આગવી સૃષ્ટિ લઇને સુરેશ જોશીની વાર્તાઓ અવતરી છે. એમની વાર્તાઓ વિશે એમ કહી શકાય કે,"એમની વર્તાઓ અંત નથી પામતી પરંતુ ત્યાંથી ભાવકના ચિત્રમાં આરંભ પાને છે."

- **"સુરેશ જોષીની વાર્તાઓમાં ઘટનાહ્રાસ**

ઘટનાતત્વ વિશેના સુરેશ જોષીના વિચારોને ત્રણ વિભાગમાં વહેંચી શકાયઃ ઘટનાનું સ્વરૂપ, ઘટનાનું પુન:સર્જન અથવા રૂપાંતર અને ઘટનાતત્વનો હ્રાસ.

પહેલી વાર્તા જન્મોત્સવ આમ તો દીન-દલિતોનો ભૂખમરો અને ઉપલા વર્ગની શ્રીમંતાઇ જેવું વસ્તુ ધરાવતી વાતો છે. પણ અહીં લેખકે 'ઘટના', 'ઘટનાનિરૂપણ' અને 'ઘટનાહ્રાસ' ના વિશિષ્ટ પ્રયોગો કર્યા છે. પુરાકલ્પનરૂપ ઘટનાને ઓગાળી નવો જ વળાંક, નવું જ રૂપાંતરણ આવ્યું છે. જયારે બીજી વાર્તા 'નળદમયંતી' માં નળદમયંતીકથા અને ચિત્રની જીવન-કથાની ઘટનાઓ વિશિષ્ટ રીતે, માનવીય સંદર્ભ પમી છે. 'પાંચમો દાવ' આમતો પ્રમની બેવફાઇની વાર્તા છે. પણ સુશલા અને હરકાના બેય પોતાની 'ચોરી' છુપાવવાના દાવ ખેલે છે; દાવ ખેલે છે એવી સભાનતાયે છુપાવે છે. આ ગૂંચવાડો વાર્તાનો વિષય છે. અહીં ઘટના સરળ રીતે નહીં આપદી રીતે આલેખીય છે.

વૈશાખ સુદ અગિયારસમાં આભાના લગ્ન નિમિતે કેતકીના વૈધવ્યની તથા કારુણ્યની વાત કહેવાઇ છે. 'વારતા કહોને !' માં ચંપાના માતૃત્વની ઝંખના અપૂર્ણ સહ૦ છે. 'કુરુક્ષેત્ર'માં મહાભારતકાલીન સમય અને વંમાન સમય વચ્ચેની સમાનતા કુરુક્ષેત્રના પ્રતીક દ્વારા મૂર્ત થાય છે. સુરેશ જોશીની વાર્તાકળામાં કથાતત્વ ક્રમશ: હ્રાસ પામતું જાય ઘટનાઓ ઓગળતી જાય છે.

- **સુરેશ જોશીની નવલિકાઓમાં સન્નિધિકરણ**

સુરેશ જોશીની મોટાભાગની નવલિકાઓમાં બે સમાંતરકથાઓ કે કથાનકોનું 'સન્નિધિકરણ' (Juxtaposition) -ની યોજના કરવામાં આવી છે. **બે ભિન્ન સ્થળ, સ્થિતિ કેઘટનાની સહોપસ્થિતિ અને જેના વિસ્ફોટથી વ્યંગનું એક તેજસ્વી વર્તુળ સ્ફૂરી રહે તેવી વિષમ પરિસ્થિતિઓનું સન્નિધિકરણ અહીં સર્જકકલા વડે સિદ્ધ કરવામાં આવ્યું છે....૬**

'જન્મોત્સવ' વ્યંગની વાર્તા છે પરંતુ વિષયવસ્તુ કે વ્યંગ કરતાં વધારે મહત્વની વાત અહીં બે કથાનકોના સમાન્તર કથનની છે. અસીતના ઇલેકટ્રીકલ એન્જિનીયરીંગના વિશિષ્ટ જ્ઞાનને પ્રતાપે, કારાગૃહમાં ભગવાન કૃષ્ણનો જન્મ, વરસાદ, વસુદેવ કૃષ્ણને લઇને ગોકુળ જાય વગેરે 'જન્મોત્સવ' છે બીજી તરફ ઝૂંપડાંઓની દુનિયામાં સળડતી માનકીના છોરાનો જન્મ, પ્રતાપગંજના નાળાનાં ઘૂંટણસમાં પાણી દહોળીને નવજાત શિશુને અપંગ કરવા લઇ જતા દેવજી – કાનજી આદિનો 'જન્મોત્સવ' છે. અહીં કૃષ્ણજન્મના ઉત્સવનો આનંદ તીવ્રતાથી વિરોધાય છે. ભૂતકાળની ઘટનાથી વર્તમાન કાળની ઘટનાં જોતાં કટાક્ષ, વિરોધ, વિદ્રોહ, વિરતિજેવા ભાવો પેદા થાય છે. 'નળદમયંતિ' માં પણ ચિત્રપટમાં રજૂથતી નળદમયંતિકથા, નાયિકા ચિત્રાની જીવનઘટનાની સાથે-સાથે આલેખાતી જાય છે

- **સુરેશ જોશીની વાર્તાઓમાં કલ્પન અને પ્રતીક**

કલ્પન અને પ્રતીક એક સિદ્ધાંત તરીકે સાહિત્યજગતમાં પ્રવેશી ચૂકયાં છે.

(૧) મૃત્યુની સંવેદના-વેસનાને લગતાં કલ્પન- પ્રતીકો (૨) સ્વપ્ન, તન્દ્રા, જાગૃતિ આદિઅવસ્થાને લગતાં કલ્પન-પ્રતીકો (૩) વાસ્તવિક પ્રસંગોને લગતાં કલ્પન-પ્રતીકો (૪) પુરાકલ્પનો

માનવીના નવલિકાકાર સુરેશ જોશી મૃત્યુ સામે ઝઝૂમતા મુકાબલો માંડતા અનુભવને નિરૂપે છે.એમાં ‘થીગડું’, ‘વર્તુળ’ જેવી વાર્તાઓ સમાવેશ પામે છે.‘વર્તુળ’ માં લાભશંકર આંખો સામે વિસ્તરેલો સૂંઘળા મૃગજળનમાં રમણ વગેરે મૃત સ્વજનોને મળવા ઝંખે છે, પણ સફળ થતા નથી. કદાચ મરણનાં જ પગલાંના સંચારથી ભયભીત બની ઊઠેલા લાભશંકર કપાળ પરની રસોળી કે જેમાં એમણે જિંદગી સામે મોંઢું ફાડીને ઊભેલા બધાય રાક્ષસોને પૂરી દીધા છે.-ને પંપાળવા લાગી જાય છે, રસોળી અહીં જીવનસંગ્રામમાંથી એમણે કરેલી નાસભાગ, એમની ભાગેડુવૃતિ, આશ્વાસન વગેરેનું સૂચક બનીને જિજીવિષાનું પ્રતીક બની રહે છે.

સુરેશ જોશીની વાર્તાઓમાં પુરાકલ્પન અને પુરા-પ્રતીકો, ઘણીવાર તાસ્વરે રજૂ થયાં છે. જેમાં ‘જન્મોત્સવ’, ‘નળદમયંતિ’ અને ‘લોહનગર’ જેવી વાર્તાઓમાં વિશિષ્ટ પ્રકારે જણાય છે.

પ્રતીકોની વાત કરીએ તો સુરેશ જોશીની દરેક નવલિકા એક છે. એમાં પ્રતીકાત્મક સંદર્ભ રજૂ થાય છે. ‘આંધળી માછલીઓ’, ‘વલય’, ‘વર્તુળ’, ‘પદ્માતને’, ‘બે સૂરજમુખી અને’, ‘નળદમયંતિ’, ‘જન્મોત્સવ’, ‘લોહનગર’ જેવી વાર્તાઓમાં પ્રતીકાત્મકતાની કક્ષા કલાત્મક ઘોરણે પહોંચી છે. એક પ્રતીકાત્મકતાની કક્ષા કલાત્મક ઘોતણે પહોંછી છે.એક પ્રતીકમાંથી જ અનેક વર્તુળો રચાતાં જાય એવી તેમની નિરૂપણ શૈલી છે. ટૂંકમાં સુરેશ જોશીની નવલિકાઓ કલ્પનાત્મકતા અને પ્રતીકાત્મકતાનો સમન્વય સાધી કળાત્મકતાના શિખરે પહોંચે છે.

- **સુરેશ જોશીની નવલીકાઓમાં કપોળકલ્પિતતા**

સુરેશ જોશી પોતાની નવલિકાઓમાં રચનારીતિના પ્રયોગો કરે છે; તેમાં ‘કપોલકલ્પિત’ (fantacy) એક આગવું સાગન છે. **ફેન્ટસી એટલે સ્વપ્ન,તરંગમાળા અતાર્કિક વિચારો, તંદ્રા જેવી સ્થિતિ . અને એ દ્વારા એલેખાતું પાત્રનું મનોજગત....૭** આ યુકિત વડે લેખકે અનેક વાર્તાઓમાં પાત્રનું માનસિક જગત વ્યકત કર્યુ છે.

આપણે જોયું છે કે પ્રારંભથી જ સુરેશ જોશીની વાર્તા વાસ્તવિકતાના સપાત સ્તરને ભેદી જવા મથે છે. 'રાક્ષસ', 'બે સૂરજમુખી અને', 'અને મરણ', 'પદમા તને' એ વાર્તાઓમાં એક પ્રકારનું લાક્ષણિક કવમકપડકાંડ વિશ્વ રજૂ થાય છે. જેમાં જાગૃતિ, સ્વપ્ન, તન્દ્રાઆદિ અવસ્થાઓની અનોખી એવી ભાત જોવા નળે છે. 'રાક્ષસ' માં દ્રાવણમાં ડુબાડી દેવાયો છે. તેનો નાયક વર્તમાનામાંથી સ્મૃતિમાં સરી પડે છે. 'વરપ્રાપ્તિ' માં નાયિકા લવંગિકાનું તથા નાયકનું મનોગત કપોલકલ્પિત સ્વરૂપે પ્રતીકાત્મક રૂપે નીરૂપવામાં આવ્યું છે.

- **સુરેશજોશીની નવલિકાઓમાં ભાષા / ભાષાપ્રયોગ / ભાષાશૈલી**

વાર્તાકારની કળાસૂઝને કારણે ભાષાનું માધ્યમ એક કળાસામગ્રી તરીકે જ વપરાય છે. કલ્પન, પ્રતીક, પુરાકલ્પન, રૂપરચના, ફેન્ટસી આદિ પ્રયુકિતઓને કારણે લેખકની ભાષા સંકુલ બની રહે છે; એમાં જ વાર્તાકારની સફળતા પડેલી છે. લલિત નિબંધારમક ભાષા કલ્પનો અને અલંકારોની ભરમાણને કારણે તેનમી ભાષાએ નવલિકાને વધુ ઉચ્ચ સ્થાને બિરાજમાન કરાવી છે. પહેલાં તેમની ભાષામાં રહેલાં કલ્પનાત્મક તત્વો જોઇએઃ

- "બધું એને ફરતું લાગ્યું, આકાશના તારા નીચે આવીને વેરાઇ ગયા, સૂર્યચંદ્ર કયાંને કયાં ફેંકાઇ ગયા" ('ગૃહપ્રવેશ')
- "હોઠ તૂટેલી છાપની જેમ ભૂકો થઈને વેરાઇ ગયા. શબ્દો એના કાંકરાની જેમ કોઇ તળિયે બેસી ગયા" ("વલય')

સુરેશ જોશીની ભાષા તેમ અલંકારમય છે. કલ્પનો અને અલંકારોની સાથે ચાલતી ભાષા તાજગીભરી, જીવંત અને વિષયવસ્તુને વળાંક આપનારી બની છે. એમાં સંવાદો છે, વર્ણનો છ તો વાક્યના વિવિધ પ્રકારો પણ છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

અંતમાં સુરેશ જોશીની નવલિકાવિચારણા શુદ્ધ કલાવાહી વિચારણા છે.તેમની વાર્તાઓની સંરચનારચનારીતિની તપાસ કરીએ તો ઘણા બધાં નવીન-પ્રયોગ શીલ તત્વો જોવા મળે છે. તે તત્વોની યાદી આ પ્રમાણે છે- સન્નિધિકરણની ઉત્કૃટ રજૂઆત., ઘટના રૂપાંતર -ઘતનાહ્રાસના પ્રયોગો, પાત્રલેખનમાં- ચૈતસિક સંચલનોનું નિરૂપન, માનવસંદર્ભમાં-જીજીવિષા-એકલતા-ક્ષણભંગુરતા-મૃત્યુ આદિ સંવેદનોનું પ્રધાન્ય., કલ્પનશીલતા અને પ્રતીકાત્મકતા, વાતાવરણની પ્રતીકાત્મક- સંકેતાત્મક આયોજનના., પુરાકથા-ઘટના-પ્રસંગનો વિશિષ્ટ વિનિયોગ., કપોળકલ્પિત તત્વો (ફેન્ટસી) નું આલેખન, કથનકેન્દ્ર (poin of view) ની વિશિષ્ટતા., ભાષા અને ભાષાશૈલી ક્ષેત્રના પ્રયોગો, પરંપરાગત આરંભ,મધ્યઅંતના માળખાને ઉથલપાથલ કરતી નિરૂપણરીતિ. આથી કહી શકાય કે સુરેશ જોશીની વાર્તાશૈલી કલાત્મક પાસાઓને ઉજાગર કરે છે, અને કળા ખાતર કળાના સિદ્ધાંતને જીવંત બનાવે છે.

## સંદર્ભ

૧. પૃ.૩, સુરેશ જોશીની વાર્તાઓ, સંપાદક – નીતિન મહેતા

૨. પૃ. ૧૦૨, સુરેશ જોશીથી સુરેશ જોશી, સુમન શાહ

૩. પૃ. ૬ 'ગૃહપ્રવેશ' કિંચિત, સુરેશ જોશી

૪. પૃ. ૭, 'ગૃહપ્રવેશ' કિંચિત, સુરેશ જોશી

૫. પૃ.૪, સુરેશ જોશીની વાર્તાઓ, સંપાદક – નીતિન મહેતા

૬. પૃ. ૧૦૪, સુરેશ જોશીથી સુરેશ જોશી, સુમન શાહ

૭. પૃ. ૩૦૮, સાહિત્ય સિદ્ધાંતો, સાહિત્યકોષ -૩, ગુજરાતી સાહિત્ય